પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : Thursday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

OPERATION HEALTH

'ઓપરેશન હેલ્થ' હેઠળ રાજ્યવ્યાપી ઝુંબેશમાં આઈસ્ક્રીમ-ફ્રોઝન ડેઝર્ટના એકમો તથા મુખ્ય હાઈવે હોટેલો મળીને એક હજાર 477 સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી છે. કામગીરી અંગે વધુ માહિતી આપતા આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે , રાજ્યમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટની તપાસ હેઠળના કુલ 786 એકમો પૈકી 590 એકમોમાં માત્ર આઈસ્ક્રીમ , 32 એકમોમાં ફક્ત ફ્રોઝન ડેઝર્ટ અને 164 એકમોમાં બંનેનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું હતું.

(BYTE: PRAFUL PANSHERIYA, MINISTER OF STATE FOR HEALTH)

JP NADDA GUJARAT

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા આજે અમદાવાદમાં બંધારણ ગૌરવ દિવસ નિમિત્તે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. શ્રી નડ્ડા બપોરે સારંગપુર ખાતે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ સાંજે પાલડી સ્થિત ટાગોર હોલ ખાતે બંધારણ ગૌરવ દિવસ નિમિત્તે આયોજિત જાહેર સભાને સંબોધિત કરશે. બંધારણ ગૌરવ દિવસના અવસરે આયોજિત આ કાર્યક્રમમાં બંધારણના મૂલ્યો , લોકશાહી પરંપરાઓ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના રાષ્ટ્રનિર્માણમાં યોગદાનને યાદ કરવામાં આવશે.

SAMVIDHAN DIVAS

બંધારણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી. મુખ્યમંત્રીએ બંધારણના ઘડતરમાં બાબાસાહેબના અમૂલ્ય યોગદાનને યાદ કરી બંધારણ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. વિધાનસભા પોડિયમ ખાતે પણ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં બંધારણના મૂલ્યો અને લોકશાહી પરંપરાઓ પ્રત્યે સન્માન વ્યક્ત કરાયું.

SAMVIDHAN DIVAS - 2

આજે રાજ્યના અનેક જિલ્લાઓમાં સંવિધાન દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાઇ રહ્યું છે

ડાંગના આહવા ખાતે આજે સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપ કાર્યાલય ખાતેથી નીકળેલી આ યાત્રા આહવા નગર ના વિવિધ માર્ગો પરથી પસાર થઈ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે પહોંચી હતી.

જ્યાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક સહિત ડાંગ ભાજપ પ્રમુખ સુરેશ ચૌધરી સરપંચ હરિરામ સાવંત અને ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓએ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સંવિધાન દિવસની ઉજવણી કરી હતી. મહીસાગર જીલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરાઈ હતી.

ગાંધીનગર ગુજરાત રાજ્યના માર્ગદર્શન હેઠળ લુણાવાડા ના આદર્શ સ્કૂલમાં સંવિધાન દિવસની ઉજવણી કરાઈ..

સંવિધાન દિવસ નિમિત્તે પરીસંવાદનું આયોજન પણ કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં મહાનુભાવો , વકીલો, શિક્ષણગણ અને વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય બંધારણના અમુકનું સામુહિક વાંચન પણ કરવામાં આવ્યું.

CHHOTAUDEPUR WATER

છોટાઉદેપુર જિલ્લાની સૌથી મોટી સુખી સિંચાઈ યોજનાની જમણા કાંઠાની નહેરના નવીનીકરણની કામગીરી પૂર્ણ થતાં નાના કાંટવા ગામે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સાંસદ જશુ રાઠવા અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાના હસ્તે નહેરના પાણીના વધામણાં કરી કેનાલનો ગેટ ખોલીને સિથોલ તરફ જતી નહેરમાં સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આશરે 50 વર્ષ પહેલાં બનાવવામાં આવેલી નહેરોના નવીનીકરણ માટે રૂપિયા 225 કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી હતી. છેલ્લા બે વર્ષથી ચાલી રહેલી આ કામગીરી પૂર્ણ થતાં હવે ખેડૂતોને નહેર મારફતે સિંચાઈના પાણીનો લાભ મળશે.

PANCHMAHAL DEATH

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ખાતે બાઈક અને નીલગાય વચ્ચે અકસ્માત સર્જાતાં બે પિતરાઈ ભાઈનાં મોત થયા. બે યુવક નવી બાઈકનું પાર્સિંગ કરાવવા ગોધરા જઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તા પર અચાનક નીલગાય આવી જતાં બાઈક તેની સાથે અથડાયું હતી. આ અકસ્માતમાં બંને યુવકો સહિત નીલગાયનું પણ ઘટનાસ્થળે મોત થયું હતું. વેજલપુર પોલીસે બંને યુવકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે.

લોકો ટૉલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે. તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઑપન ફોરમ દ્વારા ઑનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે.

ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકશે.

આ સૂચનો મોકલવાનો આવતીકાલ અંતિમ દિવસ છે.

MEN'S ASIA CUP RISING STARS CRICKET

પુરુષ એશિયા કપ રાઇઝિંગસ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી -ફાઇનલમાં આજે ભારત-Aનો મુકાબલો શ્રીલંકા- A સામે થશે. આ મેચ દોહામાં ભારતીય સમય મુજબ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ તિલક વર્માની કેપ્ટનશીપમાં રમી રહી છે.

અગાઉ ભારતે UAEને સાત વિકેટે હરાવી સેમી-ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જેમાં વૈભવ સૂર્યવંશીએ માત્ર 53 બોલમાં 204 રન ફટકાર્યા હતા.

દરમિયાન પહેલી મેચમાં ભારતે નેપાળને 306 રનથી, જ્યારે બીજી મેચમાં પાકિસ્તાન-A ટીમે ભારતને 48 રનથી હરાવ્યું હતું.